### જીએસટીના ચાર સુધારા બિલને ચર્ચા પછી ધ્વનિમતથી પસાર કરાયા

# લોકસભામાં જીએસટી બિલ પસાર, રાજ્યસભામાં ફાઈનાન્સ બિલ પાસ

## અન્ય ટેક્સ રદ કરાતા તમામ ચીજવસ્તુઓ થોડી સસ્તી થવાનો જેટલીનો દાવો

- **ચાર સ્લેબ ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકા રખાયા**
- **મોદીએ કહ્યું કે, 'ન્યૂ યર, ન્યૂ લૉ, ન્યૂ ઈન્ડિયા'**

નવી દિલ્હી : લોકસભામાં બુધવારે ૯-૧૦ કલાકની લાંબી ચર્ચા પછી જેની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી તે જીએસટી બિલને પસાર કરવામાં આવ્યાં હતાં. દેશના કરવેરાનાં માળખાંમાં આને સૌથી મોટો આર્થિક સુધારો ગણવામાં આવી રહ્યો છે. જીએસટીને લગતાં ચાર બિલ સેન્ટ્રલ જીએસટી, ઈન્ટિગ્રેટેડ જીએસટી, યુનિયન ટેરિટરી જીએસટી અને કમ્પેન્સેશન જીએસટી બિલને વિપક્ષોના સુધારાને ધ્યાનમાં લીધા વિના પસાર કરવામાં આવ્યા હતા. આ સાથે જ ૧ જુલાઈથી દેશમાં તેના અમલનો માર્ગ ખુલ્યો હતો. લોકસભામાં સુધારા સાથે તેને ધ્વનિમતથી પસાર કરાયાં હતાં. લોકસભામાં જીએસટી બિલ પસાર થયા પછી પીએમ મોદીએ દેશનાં લોકોને વધાઈ આપતાં ટ્વિટ કર્યું હતું કે, 'ન્યૂ યર, ન્યૂ લૉ, ન્યૂ ઈન્ડિયા.'.

### ચીજોને કયા ટેક્સ બ્રેકેટમાં રાખવી તે એપ્રિલમાં નક્કી થશે

સરકાર દ્વારા હવે ૩૧ માર્ચે જીએસટી કાઉન્સિલની બેઠક યોજવામાં આવશે, જેમાં જીએસટીના નિયમો અંગે સર્વસંમતિ સાધવામાં આવશે. આ પછી એપ્રિલમાં કઈ ચીજોને કયા ટેક્સ બ્રેકેટમાં આવરી લેવી તે નક્કી કરાશે. આ માટે સંસદની મંજૂરી લેવાની રહેશે નહીં, હવે તેને ચર્ચા માટે રાજ્યસભામાં રજૂ કરાશે, જોકે મની બિલ તરીકે રજૂ કરાયા હોવાથી તેને માટે રાજ્યસભામાં મંજૂરી લેવાની રહેશે નહીં. ચર્ચામાં જેટલીએ કહ્યું હતું કે એક વખત અન્ય ટેક્સ રદ કરાશે એટલે ચીજવસ્તુઓ થોડી સસ્તી થશે. સેન્ટ્રલ જીએસટી અને રાજ્ય જીએસટીના મહત્તમ દર ૨૦-૨૦ ટકા રખાયા છે, આથી મહત્તમ ટેક્સ રેટ ૪૦ ટકા થશે પણ નાણાકીય કટોકટીમાં જ તેનો અમલ કરાશે.

### પેન્ટાગોનની સાઇટ હેક થતી હોય તો આધાર કેમ નહીં? : ચિદમ્બરમ્

ધોનીની પત્ની સાક્ષીએ ફરિયાદ કરી હતી કે તેમના પતિ ધોનીનાં આધારકાર્ડની વિગતો લીક થઈ છે. આ મુદ્દે ચિદમ્બરમે સવાલો ઉઠાવ્યા હતા કે જ્યારે કોઈપણ વ્યવહારોને આધાર સાથે જોડવામાં આવે ત્યારે સરકારે તેની ગુપ્તતા જાળવવા માટે કેવાં પગલાં લીધાં છે? જો પેન્ટાગોનની સાઇટ હેક થઈ શકતી હોય તો તમે આધારનાં હેકિંગને રોકવા માટે કેવી ગેરંટી આપો છો?

### પેન્ટાગોનની સાઇટ આધારને કારણે હેક થઈ નથી : જેટલી

જેટલીએ આ પ્રશ્નનો ચાલાકીપૂર્વક જવાબ આપતાં કહ્યું હતું કે પેન્ટાગોનની સાઇટ આધાર વિના હેક કરાઈ હતી, આથી આધારને કારણે પેન્ટાગોનની સાઇટ હેક થઈ નથી. આ પછી ચિદમ્બરમે કહ્યું કે તમે યોગ્ય રીતે જવાબ આપવા માગતા નથી તેથી આવું કહી રહ્યા છો. જેટલીએ કહ્યું હતું કે જો તમામ ફાયરવૉલ્સ એટલે કે નેટવર્કને ઓળંગવામાં આવે તો તેવું ગમે ત્યાં થઈ શકે છે. આ માટે સરકાર દ્વારા નેટવર્કની સુરક્ષાનાં શક્ય તેટલાં તમામ પગલાં લેવાશે. જેટલીએ કહ્યું હતું કે જ્યાં સુધી સરકારી લાભોને સંદર્ભ છે ત્યાં સુધી તમારે આધારકાર્ડ રજૂ કરવું જરૂરી છે.

### ગ્રાહકો પર બોજ પડશે નહીં : જેટલી

ચાર બિલ પર લોકસભામાં આ મુદ્દે ચર્ચા ચાલી હતી. તમામ પક્ષના સાંસદોએ ચર્ચામાં ભાગ લીધો હતો. નાણાપ્રધાન જેટલીએ જીએસટીને દેશ માટે એક અનોખો અનુભવ ગણાવ્યો હતો. જીએસટીના અમલથી ગ્રાહકો અને વપરાશકારો પર વધારાનો કોઈ બોજ પડશે નહીં. દેશમાં એક રાષ્ટ્ર એક કરની સિસ્ટમ અમલમાં આવશે. કોઈ વસ્તુ કે સેવાના ભાવ કે કિંમત કે દર વધવાની અને મોંઘવારી વધવાની વિપક્ષોની શંકાને જેટલીએ ફગાવી હતી. દરને એવી રીતે નક્કી કરાશે કે જેથી મોંઘવારી પર તેની અસર પડે નહીં. આ એક ક્રાંતિકારી પગલું છે. પહેલાં પાંચ વર્ષ રાજ્યોને આવકમાં જે ખોટ જાય તે કેન્દ્ર દ્વારા ભરપાઈ કરાશે.

### ભાજપે દેશને ૧૨ લાખ કરોડનું નુકસાન કર્યું : કોંગ્રેસ

જીએસટી પર ચર્ચામાં ભાગ લેતાં કોંગ્રેસના સાંસદ વીરપ્પા મોઈલીએ કહ્યું હતું કે અગાઉ કોંગ્રેસે તેનાં શાસનમાં જીએસટીને પસાર કરાવવા બે વખત પ્રયાસ કર્યા હતા. આ વખતે ભાજપે તેનો ભારે વિરોધ કર્યો હતો. આને કારણે દેશને રૂ. ૧૨ લાખ કરોડનું નુકસાન થયું છે. દેશને થયેલું આ નુકસાન કોણ ભરપાઈ કરશે? આ કોઈ ગેમચેન્જર બિલ નથી. એક નાનું એવું પગલું છે. નફાખોરી રોકવા માટે તેમાં કડક જોગવાઈ કરાઈ છે. આને કારણે નોકરશાહી વધશે. જે રીતે ટેક્સના દરો નક્કી કરવામાં આવ્યા છે તેનાથી કોઈને રાહત મળશે નહીં. આને કારણે કરદાતાઓની તકલીફ વધશે અને ભ્રષ્ટાચાર તેમજ હેરાનગતિ વધશે.

### ધોનીની માહિતી લીક કરનાર બ્લેકલિસ્ટ

ધોનીની આધાર માહિતી લીક થવાના મામલે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ક્રિકેટરનું નામ અને વિગતો નોંધનાર વિલેજ લેવલ એન્ટરપ્રિન્યોર સંસ્થાને ૧૦ વર્ષ માટે બ્લેકલિસ્ટ કરી હતી. આમાં કોઈની સંડોવણી છે કે કેમ તેની તપાસ કરાઈ રહી છે. રાંચીમાં કોઈક વ્યક્તિએ આ મુદ્દે અપરિપક્વ કાર્ય કર્યું છે. તેની સામે પગલાં લેવાઈ રહ્યાં છે. આ માટે ટેક્નોલોજીને જવાબદાર ગણી શકાય નહીં.

સંદેશ
Thu, 30 March 2017
epaper.sandesh.com//c/17918675

# ૮ કલાક લાંબી ચર્ચા બાદ લોકસભામાં GST બિલ પસાર



જીએસટી પાસ થવા પર તમામ દેશવાસીઓને શુભેચ્છાઃ નવું વર્ષ, નવો કાયદો, નવું ભારતઃ મોદી

નવી દિલ્હી, તા.૨૯
લોકસભામાં આઠ કલાકથી પણ વધારે સમય સુધી લાંબી ચર્ચા ચાલ્યા બાદ દેશમાં સૌથી મોટા આર્થિક સુધાર ગણાતા જીએસટી બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું. સરકાર પહેલી જુલાઈથી દેશભરમાં એકસમાન કરવેરા વ્યવસ્થા અમલી કરવા માંગે છે. અગાઉ લોકસભામાં જીએસટી સાથે જોડાયેલા



જીએસટી હેઠળ ખાવા પીવાની ચીજવસ્તુ પર કોઈપણ ટેક્સ લાગુ થશે નહીં. હાલમાં જ લોકસભામાં જીએસટી સાથે જોડાયેલા ચાર બિલ ઉપર ચર્ચા થઈ રહી છે. સોમવારના દિવસે નાણામંત્રી અરૂણ જેટલીએ સેન્ટ્રલ જીએસટી, ઈન્ટેગ્રેટેડ જીએસટી, યુનિયન ટેરેટરી જીએસટી અને કમ્પન્શેશન જીએસટી બિલને એક સાથે રજુ કરવામાં આવ્યા હતા.

## GST આઝાદી પછીની સૌથી મોટી કર સુધારા વ્યવસ્થાઃ CGST, SGST, UTGST અને કમ્પેન્શેસન જીએસટી ચારેય બિલ પસાર થતાં પહેલી જુલાઈથી નવી કર વ્યવસ્થા લાગુ કરવાનો માર્ગ મોકળોઃ હવે રાજ્યસભામાં રજૂ કરાશે

ચાર બિલ ઉપર આજે ગરમા ગરમ ચર્ચા થઈ હતી. લોકસભામાં ચર્ચાની શરૂઆત કરતા નાણામંત્રી અરૂણ જેટલીએ આને ગેમ ચેન્જર તરીકે ગણાવીને કેટલીક જોગવાઈઓનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે જીએસટી સાથે જોડાયેલા ચાર બિલ ઉપર

• અનુસંધાન પાના ૧૧ પર

### ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સની હાઈલાઈટ્સ

- કોમોડીટીઝ એટલે કે ખાદ્ય ચીજો પર ૦ % GST
- ખાવાપીવાની અન્ય ચીજવસ્તુઓ સૌથી ઓછા ટેક્સ સ્લેબની કેટેગરીમાં રહેશે.
- GST લાગુ થયાના એક વર્ષની અંદર રિયલ એસ્ટેટ સેક્ટરને તેના દાયરામાં લવાશે.
- ચાર ટેક્સ સ્લેબ રહેશે. ૫%, ૧૨ %, ૧૮%, ૨૮%.
- સૌથી ઉંચા દરમાં સમાવેશ લકઝરી આઇટમો ડિમેરીટ ગુડઝ પર સેસ લાગુ પડશે.
- સેન્ટ્રલ જીએસટીનો ટોચનો દર ૨૦ ટકા અને સ્ટેટ જીએસટીનો ટોચનો દર પણ ૨૦ ટકા રહેશે. આમ કુલ સંયુક્ત ટોચ મર્યાદા ૪૦ ટકા રહી શકશે. અને નાણાકીય સેકટરના સમયે જ તે લાગુ કરવામાં આવશે.
- પાંચ વર્ષ માટે સેસ કામચલાઉ રહેશે જેથી રાજ્યોને વળતર ચૂકવી શકાય.

## જીએસટીથી જીવનજરૂરી ચીજો સસ્તી થશે : 1 જુલાઈથી અમલના પ્રયાસ

# 7 કલાકની ચર્ચા પછી GSTના 4 પૂરક ખરડા લોકસભામાં પસાર

**નવી દિલ્હી |** GST અંગેના 4 પૂરક ખરડા બુધવારે લોકસભામાં પસાર થતાં ઐતિહાસિક ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ પ્રણાલી 1 જુલાઈથી અમલની દિશામાં વધુ એક ડગલું આગળ વધી છે. સેન્ટ્રલ જીએસટી બિલ, ઈન્ટિગ્રેટેડ જીએસટી બિલ, જીએસટી (કૉમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) બિલ અને યુનિયન ટેરિટરી જીએસટી બિલ વિપક્ષો દ્વારા રજૂ કરાયેલા ઢગલાબંધ સુધારા નકારાયા બાદ પસાર થયા હતા.

7 કલાક લાંબી ચર્ચાના જવાબમાં નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું કે દેશમાં સમાન પરોક્ષવેરા પ્રણાલીનો આરંભ કરનારા જીએસટીથી જીવનજરૂરી ચીજો સસ્તી થશે. જીએસટી હેઠળ ખાણી-પીણીની જીવનજરૂરી ચીજો પર કોઇ ટેક્સ નહીં લાગે. મતલબ કે પહેલો ટેક્સ સ્લેબ શૂન્ય હશે જ્યારે બીજો સ્લેબ 5 ટકા અને ત્રીજો 12 ટકા તથા 18 ટકાનો છે. લક્ઝરી ટેક્સ સ્લેબ બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે, ટેક્સ અને સેસ. તેમાં ટેક્સનો દર 28 ટકા હશે

## ભાજપે GST રોકતા 10 લાખ કરોડનું નુકસાનઃ કોંગ્રેસ

જીએસટી અંગે વિપક્ષ વતી ચર્ચાની શરૂઆત કરતી વખતે કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિરપ્પા મોઈલીએ જણાવ્યું હતું કે, આ કોઈ ગેમચેન્જર નથી પરંતુ ખૂબ નાનું પગલું છે. તેમની સરકાર જીએસટી આગળ લાવવા માંગતી હતી ત્યારે વિપક્ષમાં બેઠેલા ભાજપે જ અવરોધો લાવીને બિલ રોક્યું હતું. તેના કારણે 6 વર્ષમાં દેશને 10 લાખ કરોડનું નુકસાન થયું છે.

### આ 4 બિલ પસાર થયાં

- **સેન્ટ્રલ જીએસટી :** કેન્દ્ર દ્વારા રાજ્યોની અંદર વસ્તુઓ, સેવાઓ કે બંને પર ટેક્સની વસૂલાતની વ્યવસ્થા કરાશે.
- **ઇન્ટિગ્રેટેડ જીએસટી :** એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સપ્લાય પર ટેક્સ અંગેની જોગવાઈઓનું વિવરણ અપાયું છે.
- **જીએસટી કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ :** રાજ્યોને થનારી મહેસૂલી ખોટ સામે તેમને વળતર ચૂકવવા સંબંધી નિયમો-કાયદાઓનું વિવરણ.
- **યુનિયન ટેરિટરી જીએસટી :** તેમાં કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસ્તુઓ, સેવાઓ કે બંનેના સપ્લાય પર ટેક્સ વસૂલવાની જોગવાઈ છે.

Mar 30 2017 : The Times of India (Ahmedabad)

# GST closer to reality, LS clears 4 related bills

***New Delhi***
***TIMES NEWS NETWORK***

**States To Enact Laws In Next 3 Months**

The Lok Sabha on Wednesday cleared four bills related to the Goods and Services Tax (GST), setting the stage for 28 states, along with Delhi and Puducherry , to enact state laws over the next three months to roll out the new tax regime from July . The four bills -Integrated GST, Central GST, Union Territory GST and Compensation Bill -will be followed by work in the GST council, comprising FM Arun Jaitley and state finance ministers, to finalise rules and productand servicewise rates by the end of April. GST will replace central ex, service tax and state VAT cise, service tax and state VAT and several other levies, in addition to subsuming existing cesses and surcharges. J&K will be the only state that will not be part of the current regime but will soon enact laws to ensure that its taxation system is linked with the Centre and other states so that consumers in the state too benefit. PM tweeted, "My congrat ulations to all country men on the passage of the GST Bill. New year, new law, new Bharat." The passage came as several amendments pushed by lawmakers from the Congress and BJD were defeated after the government sought to clear doubts.

Jaitley promised the House that the regime will make things "slightly cheaper" and products such as petroleum, which are currently out of the net, would be included over a period of time.In fact, the finance minister said a decision on including real estate may be taken within a year of rollout. "Today , you have tax on tax, you have cascading effect. When all of that is removed, goods will become slightly cheaper," Jaitley said.

The minister defended the decision for multiple slabs, saying a one-rate formula was highly regressive as hawai chappals and a luxury car would face the same levy.